PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૨૬૩-૪ તારીખ : ૦૫ - ૦૭ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી જયોત્સનાબેન ભીખુભાઈ ભુત
સોમનાથ ઇન્ડસ્ટ્રીયલ એરીયા, ૬૦ ફુટ મેઈન રોડ, સોમનાથ વે-બ્રીજની બાજુમાં,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૯૮૯૮૮૩૦૨૨૪

વિષય : નામ ટ્રાન્સફર અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૮-૦૬-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૧/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-3.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧/ક્વા-૧/૨૩-૨૪/૨૨૯૩-૫ તા. ૦૬-૦૭-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૧/ક્વા-૧/૨૩-૨૪ તા.૦૯-૦૬-૨૦૨૩

અરજદાર : શ્રી જયોત્સનાબેન ભીખુભાઈ ભૂત, ગામ: કોઠારિયા

રજૂઆત કરનાર : અરજદારશ્રી વતી તેના પ્રતિનિધિ તરીકે ભીખુભાઈ રૂડાભાઈ ભૂત

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩.

રજૂઆત કરનાર : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી – શહેર-૩ અને તેમની સાથે વી.એમ.વસંત, નાયબ અધિક્ષક, પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા (ઓનલાઈન)

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૭.૦૬.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૭.૦૬.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ફોરમના ચેરપર્સન અમદાવાદ-રાજકોટ હાઇવે પર ભારે માત્રામાં ટ્રાફિક જામના કારણે સુનાવણીમાં રુબરૂ હાજર રહી શકેલ ન હોવાથી, લીંબડીથી ઓનલાઈન વરચ્યુઅલ હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી જયોત્સનાબેન ભીખુભાઈ ભૂત વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ શેડ નં. ૨ (બે) પ્લોટ નં. ૨૯+30 કોઠારીયા ગામે જાદવભાઈ રૂડાભાઈ ભુત નામથી ગ્રાહક નં. ૩૪૫૧૩/૧૯૬૪૪/0 થી ૧૩.૫ કીવોનું ઔધોગિક વીજજોડાણ ધરાવે છે. સદર જગ્યાના વીજજોડાણમાં નામટ્રાન્સફર માટે સંલગ્ન કચેરી ખાતે અરજી કરેલ જેમાં સંલગ્ન કચેરી દ્વારા વાવડી/ટેક/રેવ/એસ્ટા/૪૭૬૩ તા.૨૦.૦૫.૨૦૨૩ થી જણાવેલ જગ્યાના આધાર પુરાવા સુસંગત નથી પરંતુ સદર જગ્યા રજીસ્ટર્ડ દસ્તાવેજ વાળી હોય અને પુરતા ડોકયુમેન્ટ આપેલ હોવા છતાં નામ બદલીની કાર્યવાહી થયેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત પત્ર નં -૨૮૩૫ તા.૨૬-૦૬-૨૦૨૩ મુજબ અરજદાર વાવડી અર્બન સબડીવીઝનના ગ્રાહકનંબર- ૩૪૫૧૩/૧૯૬૪૪/0 ઔદ્યોગિક વીજજોડાણ ૧૩.૫ કીવોમાં જાદવભાઈ રૂડાભાઈ ભૂત માંથી જ્યોત્સનાબેન ભીખુભાઈ ભૂત ના નામે નામ ટ્રાન્સફર અંગે ફરિયાદ કરેલ છે.

૩.૧ સદર જગ્યા જાદવભાઈ રૂડાભાઈ ભૂત દ્વારા રજી.દસ્તાવેજ નં ૪૩૦૨ થી તારીખ ૨૧.૦૮.૨૦૧૯ મુજબ શ્રી ભૂત જ્યોત્સનાબેન ભીખુભાઈને બક્ષીસ મળેલ હોય મિલકત હસ્તાંતર થતા ત્યાં હયાત વીજજોડાણમાં નામ તબદીલ કરવા માટે અરજદાર દ્વારા તા.૧૭.૦૫.૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી જે અરજી અન્વયે મૂળ ફાઈલ ચકાસતા કોઠારિયાના રેવ સર્વે નં ૨૨૪ પૈકી ૩ ના પ્લોટ નં ૨૯/૩૦ તારીખ ૨૯.૧૦.૨૦૦૯ ના એપ્રુવ્ઠ થયેલ પ્લાનના શેડ નં ૯ માં સદર વીજજોડાણ ગ્રાહકનંબર- ૩૪૫૧૩/૧૯૬૪૪/0 અપાયેલ છે.

સદર બક્ષીસ દસ્તાવેજ કોઠારિયાના રેવ સર્વે નં ૨૨૪ પૈકી ૩ ના પ્લોટ નં ૨૯/૩૦ શેડ નં ૨ માટે નો રજુ કરેલ હોય રૂબરૂ પણ જાણ કરેલ અને ત્યારબાદ તા.૨૦.૦૫.૨૦૨૩ ના રોજ આઉટવર્ડ નં.૪૭૬૩ થી પત્ર લખી આ બાબતે જાણ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સદર વીજજોડાણ તા.૦૩.૦૩.૨૦૧૦ ના રોજ અપાયેલ છે તેના પ્રફોર્મા-૧૫ અને A-1 ફોર્મ અને એપ્રુવ્ઠ પ્લાન મુજબ કોઠારિયાના રેવ સર્વે નં ૨૨૪ પૈકી ૩ ના પ્લોટ નં ૨૯/૩૦ તા.૨૯.૧૦.૦૯ ના એપ્રુવ્ઠ થયેલ પ્લાનના શેડ નં ૯ માં જાદવભાઈ રૂડાભાઈ ભૂત ના નામથી અપાયેલ છે. સદર મંજુર થયેલ પ્લાન મુજબ ૪૩૪.૭૦ ચોરસ મીટરમાં ૦૫ શેડ મંજુર થયેલ છે. જ્યારે સદર અરજદારની અરજી સાથે જોડેલ પ્લાનમાં શેડ નં ૦૨ દર્શાવેલ છે.

૩.૨ અરજદાર જયારે નવું વીજજોડાણ માંગે છે ત્યારે અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબ ફોર્મમાં જો અરજદાર અધુરી કે ખોટી વિગતો માલુમ પડશે તો તે અંગેની જવાબદારી અરજદારની રહેશે તેવું સ્પષ્ટ લખેલ છે તેમજ અરજદારને પત્ર થી જાણ કરેલ છે તે મુજબ રજુ કરેલા દસ્તાવેજી પુરાવા મૂળ વીજજોડાણની ફાઈલ સાથે મેચ થતા નથી તો આ બાબતે કોઈ સ્પષ્ટતા રૂબરૂ કે લેખિતમાં કરવામાં આવેલ નથી. સદર બાબતે અરજદાર દ્વારા સીધાજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ફરિયાદ કરવામાં આવેલ છે. સદર બાબતે નિયમ મુજબ જે તે કચેરીનો સંપર્ક કરી માગેલ આધાર-પુરાવાની પૂર્તતા બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી છે. તેમછતાં અરજદારને દસ્તાવેજી પુરાવા રજુ કરવા છતાં અસંતોષ રહે તો અરજદાર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં અરજી કરી શકે છે.

૩.૩ સદર કેસમાં પ્રથમ વીજજોડાણ લેવાના સમયે અરજી ફોર્મમાં ખોટા શેડ નંબર દર્શાવી વીજજોડાણ મેળવવામાં આવે છે અને ત્યારબાદ સદર બાબતે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં બીન જરૂરી અરજી કરીને વિભાગીય કચેરી અને ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમનો સમય અને માનવ કલાકોનો વ્યય થાય છે. સદર વીજજોડાણમાં ચાલુ વીજજોડાણના શેડ નંબરની ચકાસણી કર્યા વગર દસ્તાવેજ બનાવી નાખવામાં આવે છે અને હવે તે મુજબ શેડ નંબરના ફેરફાર કરાવવા અરજી કરવામાં આવે છે જે કેટલા અંશે વાજબી છે મૂળ વીજજોડાણના દસ્તાવેજી પુરાવાઓ અને હાલ નામ તબદીલ કરવા માટે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ મેચ ના થતા હોય અરજદારની નામ ટ્રાન્સફરની અરજી ગ્રાહય રાખવામાં આવેલ નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ હાલમાં ગ્રાહક નં. ૩૪૫૧૩/૧૯૬૪૪/0 થી ૧૩.૫ કીવોનું ઔધોગિક વીજજોડાણ જાદવભાઈ રૂડાભાઈ ભૂતના નામે કોઠારિયાના સર્વે નં ૨૨૪ પૈકી ૩ ના પ્લોટ નં ૨૯/30 તા.૨૯.૧૦.૨૦૦૯ ના એપ્રુવ્ડ થયેલ પ્લાનના શેડ નં ૯ માં સદર વીજજોડાણ અપાયેલ છે, સદર જગ્યા શ્રી જાદવભાઈ રૂડાભાઈ ભૂત દ્વારા રજી. દસ્તાવેજ નં ૪૩૦૨ તા.૨૧.૦૮.૨૦૧૯ મુજબ જ્યોત્સનાબેન ભીખુભાઈ ભૂતને બક્ષીસ મળેલ છે. જે અન્વયે અરજદાર જ્યોત્સનાબેન ભીખુભાઈ ભૂત દ્વારા હયાત વીજજોડાણ જાદવભાઈ રૂડાભાઈ ભૂત માંથી પોતાના નામે વીજજોડાણમાં નામ તબદીલ કરવા માટે તા.૧૭.૦૫.૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી, જે અન્વયે પીજીવીસીએલના પત્ર નં ૪૭૬૩ તા.૨૦-૦૫-૨૦૨૩ થી અરજદારને જાણ કરેલ છે, તે મુજબ "…. રજુ કરેલ દસ્તાવેજી પુરાવા મૂળ કનેક્શન સાથે સુસંગત નથી, ઓફિસે રૂબરૂ આવી જવું." ત્યારબાદ અરજદાર દ્વારા સંલગ્ન પીજીવીસીએલ કચેરીમાં કોઈ આધાર-પુરાવા રજુ કરેલ હોય તે અંગેની કોઈ રજૂઆત કરેલ નથી. અરજદાર દ્વારા સદર વીજજોડાણમાં નામ બદલીની અરજી અન્વયે કાર્યવાહી થયેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમમાં ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલની લેખિત રજૂઆત આર.સી.ડી.-૩/રેવ/૨૮૩૪ તા.૨૬-૬-૨૦૨૩ મુજબ સદર વીજજોડાણ તા.૦૩.૦૩.૨૦૧૦ અપાયેલ છે તેના પ્રફોર્મા-૧૫ અને A-1 ફોર્મ અને એપ્રુવ્ડ પ્લાન મુજબ કોઠારિયાના રેવ. સર્વે નં ૨૨૪ પૈકી ૩ ના પ્લોટ નં ૨૯/30 તા.૨૯.૧૦.૨૦૦૯ ના એપ્રુવ્ડ થયેલ પ્લાનના શેડ નં ૯ માં જાદવભાઈ રૂડાભાઈ ભૂતના નામથી અપાયેલ છે. સદર મંજુર થયેલ પ્લાન મુજબ ૪૩૪.૭૦ ચોરસ મીટરમાં ૦૫ શેડ મંજુર થયેલા છે અને અરજી સાથે જોડેલ પ્લાનમાં શેડ નં ૦૯ દર્શાવેલ તે મુજબ સદર સ્થળે વીજજોડાણ અપાયેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબ અરજદાર દ્વારા નામ બદલીની અરજીના A-1 ફોર્મ અને દસ્તાવેજ મુજબ જગ્યાનું સરનામું કોઠારિયા રે. સર્વે નંબર ૨૨૪ પૈકી ૩, પ્લોટ નં – (૨૯+30) ના શેડ નં – ૦૨ સોમનાથ વે બ્રીજની બાજુમાં નોંધાયેલ છે. જ્યારે અરજદારના વીજજોડાણની મૂળ કેસ ફાઈલ મુજબ જગ્યા કોઠારિયાના રેવ સર્વે નં ૨૨૪ પૈકી ૩ ના પ્લોટ નં ૨૯/30 તા.૨૯.૧૦.૨૦૦૯ ના એપ્રુવ્ડ થયેલ પ્લાનના શેડ નં ૯ નોંધાયેલ છે, જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ ચકાસણી કરેલ અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પ્રમાણે જગ્યાના આધાર-પુરાવા સુસંગત ન હોવાથી પીજીવીસીએલની વાવડી અર્બન પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં-૪૭૬૩ તા.૨૦.૦૫.૨૦૨૩ થી અરજદારને સુસંગત આધાર-પુરાવા રજુ કરવા જણાવેલ છે, અન્યથા અરજી દફતરે કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ અન્વયે જગ્યાના સુસંગત આધાર-પુરાવા પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં રજુ કરેલ હોય તેના આધાર-પુરાવા રજુ કરેલ નથી, તેમજ અરજદાર દ્વારા સંલગ્ન કચેરીનો સંપર્ક કરેલ નથી.

૪.૫ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના સદર કેસને લાગુ પડતા ક્લોઝ નં ૪.૭૧ ના ક્લોઝ નં (૧) નીચે મુજબ નોંધાયેલ છે.

"નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં ફેરફારને લગતી અરજીઓ અંગે પગલાં ભરશે

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. *જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે.* અરજદારને નામે જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચૂકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ - ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. .......... "

વધુમાં પીજીવીસીએલમાં પ્રર્વતમાનમાં રહેલ વીજજોડાણના નામફેરના નિયમો બાબત પરિપત્ર નં.- જીયુવીએનએલના પરિપત્ર નંબર: જીયુવીએનએલ-ટેક-૨-નામફેર-૨૯૮૬ તા.૧૩.૦૨.૨૦૧૭ મુજબ સ્થળની માલિકી કે કબજો બદલાવવાના કારણે વીજજોડાણનું નામ ફેરફાર કરવા માટે નીચે મુજબની જાણકારી અપાયેલ છે.

૧. છેલ્લા ભરેલા વીજ બીલની નકલ સાથે એ-૧ ફોર્મ.

૨.માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક

૩. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા ઇન્ડેક્ષની નકલ (જો રજીસ્ટર્ડ દસ્તાવેજ ના હોય અને તેના બદલે કાચો દસ્તાવેજો અથવા કબ્જા રસીદ હોય તેવા કેસમાં મૂળ માલીકની સંમતિ લેવી.).. અથવા

કો.આ.હા.સો.ના કેસમાં કો.આ.હા.સો.ના લેટર પેડ ઉપર ઠરાવની નકલ તથા મકાન ફાળવેલ પત્રનો દાખલો.

અથવા

ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકાનો વીજ જોડાણવાળી જગ્યા માટેનું આકારણી પત્રક

૪. વીજજોડાણ વાળી જગ્યાની માલિકીમાં અન્ય હક્કદાર હોય તો અન્ય હક્કદારોનું પ્રવર્તમાન ડ્યુટીના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક.

૫. જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઈન્ડેમ્નીટી બોન્ડ(જરૂરી રકમનો એક જ સ્ટેમ્પપેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતી મેળવવાની રહેશે.

૬. એન.આર.જી.પી. ૬ KW થી વધારે ક્ષમતાવાળા ગ્રાહકો પાસે જરૂરી કરાર (એગ્રીમેન્ટ) કરવાનો રહેશે.

૪.૬ સદર કેસની સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા અરજદારને હયાત વીજજોડાણમાં નામ બદલી માટે ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ પ્રમાણે જગ્યાના આધાર-પુરાવા સદર વીજજોડાણની મૂળ કેસ ફાઈલ સાથે સુસંગત નથી, તેની રૂબરૂમાં જાણ કરેલ છે, તેમજ પીજીવીસીએલ દ્વારા લેખિતમાં પણ જાણ કરેલ છે. આ સંજોગોમાં અરજદારની નામ બદલીની રજૂઆત ફોરમ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. વધુમાં અરજદાર દ્વારા સદર વીજજોડાણની જગ્યાના સુસંગત દસ્તાવેજી આધાર-પુરાવા પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં રજુ કરવા જાણ કરેલ છે, જે રજુ થયેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે.

Joshi.Nitinchandra

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum, P.G.V.C.L. Rajkot

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય. તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧